ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2341/04/2024** **તા.15.04.2024**

# નવસારીના સાંસદ તેમજ ઉમેદવાર એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા સુરત ખાતે ઉત્તર ગુજરાત સર્વ જ્ઞાતિ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો.

----

## કોંગ્રેસીઓ ભગવાન રામ પર વિશ્વાસ રાખતા નથી, જે રામના નથી તે આપણા ન હોઇ શકે એટલે કોંગ્રેસની વાતમા ફસાતા નહી. – શ્રી સી.આર.પાટીલ

----

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવસારી લોકસભાના વિસ્તારની જનતાના પ્રેમ અને સહકારને કારણે ફરી ઉમેદવાર તરીકે પંસદગી કરી. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, નવસારીના સાંસદ તેમજ ઉમેદવાર એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા સુરત ખાતે ઉત્તર ગુજરાત સર્વ જ્ઞાતિ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવસારી લોકસભાના વિસ્તારની જનતાના પ્રેમ અને સહકારને કારણે ફરી ઉમેદવાર તરીકે પંસદગી કરી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશ માટે કરેલા વિકાસના કાર્યો થકી આ વખતે જનતા કહી રહી છે કે ફરી એક વાર મોદી સરકાર... અબ કી બાર 400 પાર. કોંગ્રેસને ભૂતકાળમા 403 બેઠકો મળી હતી આ રેકોર્ડ ને જનતા તોડશે અને ભાજપને ભવ્ય જીત અપાવશે તેવો વિશ્વાસ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે મોદી સાહેબ દેશમાથી **25** કરોડ ગરીબોને ગરીબી રેખાથી બહાર લાવ્યા, મહિલાઓને સશક્ત કરી આર્થિક રીતે મજબૂત કરવાનુ કામ કર્યુ છે. મહિલાઓને લોકસભા અને રાજયસભામા **33** ટકા અનામત આપવાનો ઐતિહાસીક નિર્ણય કર્યો છે. દેશના યુવાનોને વગર વ્યાજની લોન મળે તે માટે બેંકમા ગેરંટેર તરીકે જામીન પોતે વડાપ્રધાન મોદી સાહેબ બન્યા છે. ખેડૂતોને કિસાન સન્માન નિધી યોજના હેઠળ સિધા ખાતામા રૂપિયા જમા થાય તે પ્રકારની વ્યવસ્થા કરી. અયોધ્યામા રામ ભગવાનની પ્રતિષ્ઠા સમયે મોદી સાહેબે કોંગ્રેસના નેતાઓને પણ આમંત્રણ આપ્યુ હતું પરંતુ કોંગ્રેસીઓ ભગવાન રામ પર વિશ્વાસ રાખતા નથી, જે રામના નથી તે આપણા ન હોઇ શકે એટલે કોંગ્રેસની વાતમા ફસાતા નહી. મોદી સાહેબે કાશ્મિરમા કલમ **370**ને હટાવી આપેલુ વચન પુર્ણ કર્યુ તેમજ ત્રીપલ તલાકનો કાયદો લાવ્યા જેના કારણે આજે મુસ્લીમ બહેનો પણ સલામતી અનુભવે છે. આ વખતે લોકસભા ચૂંટણીમા જંગી મતોથી ભાજપને તરફ મતદાન થાય તે માટે પ્રયાસ કરજો .

આ કાર્યક્રમમા શહેર ના પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, શહેર મહામંત્રીશ્રીઓ શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રી કાળુભાઈ ભીમનાથ, ધારાસભ્યશ્રીઓ શ્રી મનુભાઈ પટેલ, શ્રી સંગીતાબેન પાટીલ, શ્રી સંદીપભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયર શ્રી ડૉ નરેન્દ્રભાઈ પાટીલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રી શશીબેન ત્રિપાઠી, કોર્પોરેટરશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)